RIGHT TO INFORMATION

अपील अरजी नं.४३९ ता.२९–११ –११
फोन नं. ०२६१ २४२३७५१/५१८

અરજદાર: – શ્રી ડો.પંકજ જયંતિલાલ ગાંધી
સામાવાળા:– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકત:–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડો.પંકજ જયંતિલાલ ગાંધીની તા. ૦૮–૧૧–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૩૯/૨૦૧૧–૧૨

શ્રી ડો.પંકજ જયંતિલાલ ગાંધીની તા. ૦૮–૧૧–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) ના પત્ર નં. સે.ઝોન / આરટીઆઈ/ આ.નં./ ૧૫૮૬ તા. ૨૮–૧૧–૧૧થી અયોગ્ય જવાબ મળેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૯–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદૃા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા મુદૃા નં.૩ અંગે વૈધાનિક જોગવાઈ તથા મુદૃા નં.૧ અને ૨ અંગે દફતરી–રજીસ્ટર પરની વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૧૭ તા.૮–૧૨–૧૧ થી** ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગત જણાવેલ ન હોઈ તે રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી ફી ભર્યાના આધાર તરીકે તા.૧૭–૧૧–૧૧ ની અન્ય અરજી માટે ફી ભર્યાની રસીદની નકલ રજૂ કરેલ છે. પરંતુ મુળ અરજીની કોઈ વિગતો જણાવેલ નથી.

અરજદારની તા.૦૮–૧૧–૧૧ થી અરજીની સામે તા.૨૯–૧૧–૧૧ ના રોજ કરેલ અપીલ તબકકે બંને પક્ષકારો પાસેથી મુળ અરજીની વિગતો માંગવા છતાં કોઈ પણ પક્ષકારે મુળ અરજીની વિગતો રજૂ કરેલ નથી. જેથી જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીના પ્રશ્નોત્તરીમાં જણાવેલ વિગતને તથા અરજી નિકાલના કોમ્પ્યુટર પ્રોગ્રામમાં જાહેર માહિતી અધિકારી કક્ષાએ નિર્દિષ્ટ વિગતોને મુળ અરજીની વિગતો ગણી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવેલ છે. જેમાં અરજદારની આઈ ડી નં.૧૧૨૫ તા.૮–૧૧–૧૧ ની અરજીથી ૩/૨૩૮૦ ની મિલ્કત બાબતે માંગવામાં આવેલ મુદૃા નં.૧ થી ૩ ની વિગત બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૫૮૬ તા.૨૮–૧૧–૧૧ થી સમય અવધિમાં માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદૃા નં.(૧) ૩/૨૩૮૦ થી નોંધાયેલ મિલ્કતમાં દુકાન ચાલે છે કે જે રહેણાંક મિલ્કત છે તો દુકાન ચલાવવા માટેની કોઈ પરવાનગી આપવામાં આવેલ હોય તો તેની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૩ નોંધ નં.૨૩૮૦ થી નોંધાયેલ મિલ્કતમાં સેન્ટ્રલઝોન કક્ષાએથી વિકાસ પરવાનગી આપવામાં આવેલ હોવાની વિગત ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદૃા નં.(૨) રહેણાંક પ્રકારની મિલ્કત, ધંધાકીય હેતુ માટે વપરાય છે તો આ માટે માલિકો તરફથી ભુતકાળમાં કોઈ અરજી કરવામાં આવેલ છે? જે કરેલ અરજી રેકર્ડ ઉપર હોય તો તેની વિગત જણાવશો. મુદૃા નં.૩ જો પરવાનગી ન લીધેલ હોય તો રહેણાંક મિલ્કતમાં દુકાન કયા આધારે ચલાવી શકાય? શું પરવાનગી વગર ચાલતી દુકાન બંધ ન થઈ શકે? તેવા મુદૃા નં.૨ અને ૩ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોન વિભાગને લાગુ પડતું નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૯–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ. જેમાં અરજદારે '' અત્રેના વિભાગને લાગુ પડતું નથી'' તેવું જણાવી માહિતી આપવાનો ઈન્કાર કરી શકો નહીં. તેવી રજૂઆત કરેલ છે. તેમજ મંજુરી વગર ચાલતી દુકાન/સંસ્થા ગેરકાયદેસર રીતે ચાલતી કહેવાય તો તે કેમ બંધ કરાવતા નથી? કાયદાનો ભંગ કરીને ચાલે છે? તો કયા કાયદાના આધારે ચાલે છે તેની છણાવટ કરશો. ઝેરી રસાયણો તથા ખાદ્ય પદાર્થો આરોગ્ય અને ફાયર વિભાગના અભિપ્રાય વગર વેચાય છે ગુમાસ્તા પ્રમાણપત્ર ઈસ્યુ કરતાં પહેલા દુકાન જયા ચલાવાય છે ત્યાં બીજા વિભાગની

મંજુરી મળેલ છે કે નથી? તેવા સંકલનનો અભાવ છે માંગેલ માહિતી સુરત મહાનગરપાલિકાના કયા વિભાગની જવાબદારી બને છે વિગેરે પ્રશ્નો ઉપસ્થિત કરી નારાજગીના આધાર તરીકે રજૂ કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ આપેલ મુદ્દા નં.૨ અને૩ બાબતે જાહેર માહિતી અધિકારીના કાર્યક્ષેત્ર બહાર અન્ય જાહેર માહિતી અધિકારી કે સત્તા મંડળને સ્પર્શતો પ્રશ્ન હોય તો આરટીઆઈ એકટની કલમ–૬(૩) મુજબ લાગત જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવાનો રહે. જે જાહેર માહિતી અધિકારીએ તબદીલ કર્યા બાબતે વિગતો આપવાની જગ્યાએ વિભાગને લાગુ પડતું નથી તેવો પ્રત્યુત્તર પાઠવેલ છે. આથી ધંધાકીય હેતુના વપરાશ માટે જે તે લાગત ખાતાને અરજી કરવાની થતી હોય તેવા ખાતાને તથા જો પરવાનગી લીધેલ ન હોય તો તે અંગે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી સંબંધિત ખાતાને અરજી તબદીલ કરવાની રહે. અન્યથા તેઓના તાબા હેઠળના શહેર વિકાસ વિભાગને સ્પર્શતી માહિતી હોય તો તે અંગે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આપવાની રહે. તથા અરજદારે અપીલ તબકકે ગેરકાયદેસર સંસ્થા તરફથી પગલા લેવાતા નથી તેવી કાર્યવાહીને લગતી રજૂઆત બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૮–૧૦–૧૧ થી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી મુદ્દા નં.૨ અને ૩ ની શહેર વિકાસ વિભાગને સ્પર્શતી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં અત્રેથી જાણ હેઠળ પૂરી પાડવા અન્યથા લાગત જાહેર માહિતી અધિકારીને કલમ–૬(૩) હેઠળ તબદીલ કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને જણાવવામાં આવે છે. અરજદારે અપીલ તબકકે ગેરકાયદેસર સંસ્થા તરફથી પગલા લેવાતા નથી તેવી કાર્યવાહીને લગતી કરેલ રજૂઆત બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા અરજદાર સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી ડો.પંકજ જયંતિલાલ ગાંધી,